## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




રોટલી ન આપીશ... હું તને રંગવા આવ્યો છું... મમ્મીએ મને જુના કપડા પહેરાવ્યા છે...

# ઘ-દોઢ પાસે હીર કોમ્પલેક્ષને સીલ મારવા તંત્ર પહોંચ્યુ

**રહેણાંક વિસ્તારમાં ઉભા કરાયેલા હીર કોમ્પલેક્ષમાં ચિલ્ડ્રન હોસ્પીટલમાં તબીબોની ચેમ્બરોને સીલ મારી દેવાયા : બાળકો એડમીટ હોવાથી કોમ્પલેક્ષ સીલ કરવા બે દિવસની મહોતલ અપાઈ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં રહેણાંક વિસ્તારમાં કોમર્શીયલ પ્રવૃત્તિઓ ધમધમે છે. જેને પગલે કોર્પોરેશનની ટાઉન પ્લાનીંગ શાખાએ તવાઈ શરૂ કરી છે. હેતુફેર કરીને ઉભા કરવામાં આવેલા ઘ-દોઢ પાસેના હીર કોમ્પલેક્ષને શીલ મારવા આજે તંત્રની ટીમો પહોંચી હતી. કોમ્પલેક્ષમાં આવેલી ચિલ્ડ્રન હોસ્પિટલમાં તબીબોની ઓફીસોને શીલ મારી દેવામાં આવ્યુ છે. જ્યારે વોર્ડમાં બાળકો એડમીટ હોવાથી બે દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. ત્યારબાદ આખુ કોમ્પલેક્ષ શીલ મારી દેવામાં આવશે તેવુ જાણવા મળ્યુ છે.

# સમસ્ત મોડાસા પ્રદેશ બ્રહ્મસમાજ દ્વારા કાશ્મીરી વિસ્થાપિત પંડિતોના સમર્થનમાં વકતવ્ય

મોડાસા, તા. ૨૮

સમસ્ત મોડાસા પ્રદેશ બ્રહ્મસમાજના સહયોગથી મોડાસા નગરપાલિકા ટાઉનહોલ ખાતે કાશ્મીરી વિસ્થાપિત પંડિતોની સમસ્યાના ઝડપી ઉકેલ તથા તેમના સમર્થન માટે સુશીલપંડિત તથા અમીત રૈનાનું અભિવાદન અને વક્તવ્ય રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારા ૩૭૦ તથા ૩૫ (અ) નાબૂદ કરવા, કાશ્મીરી પંડિતોના પુનઃવસન માટે અલગ જિલ્લાની ફાળવણી કરવી તથા તેમને રાજ્યમાં લઘુમતી અને મૂળનિવાસીનો વિશેષ દરજ્જો મળે તેની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, રાજ્યમાં કાશ્મીરી પંડિતોના આયોગ અથવા કાઉન્સિલની રચના, કાશ્મીરી પંડિતોના એક પ્રતિનિધિને રાજ્યસભામાં અને ૨ પ્રતિનિધિને જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં પ્રતિનિધિત્વ મળે તેમજ કાશ્મીરમાં હિન્દુ મંદિરોની સુરક્ષા માટેના બીલનું અમલીકરણ થાય તે માટે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બ્રાહ્મણોના પ્રતિનિધિ યજ્ઞેશ દવે દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું.

# અંત્યોદય વિકાસ નિગમના એમ.ડી. ડૉ. હસમુખ પરમારનો વયનિવૃત્તિ સમારોહ

ગાંધીનગર, તા. ૨૮

અંત્યોદય વિકાસ નિગમના એમ.ડી. ડૉ. હસમુખ પરમાર વયનિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી નિગમના ચેરમેન ગૌતમ ગોડિયાએ જણાવ્યુ હતુ કે, ડૉ. હસમુખ પરમારે સામાજિક સેવક તથા સાહિત્યકાર તરીકેની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. આ ઉપરાંત, અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના નિયામક કાપડિયાએ નોકરીકાળ દરમિયાનના હસમુખ પરમાર સાથેના સંસ્મરણો વાગોળીને તેમના પ્રમાણિક વ્યવહાર અને મહેનતુ સ્વભાવ વિશે વાત કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત વક્તાઓએ ડૉ. પરમારને શ્રેષ્ઠ આરોગ્ય અને સુચારૂ સમાજસેવાની શુભેચ્છા આપી હતી. આ ઉપરાંત શાલ, શ્રીફળ, સાકર, મોમેન્ટો આપીને ડૉ. પરમારનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

સમારોહમાં જાણીતા ચિંતક ચંદાસ્વામી, જિલ્લા સમાજકલ્યાણ અધિકારી નયના શ્રીમાળી, વહીવટી મેનેજર વસાવા, હેડક્લાર્ક ભાનુભાઈ વાણિયા, ઘનશ્યામ ગરવા, જે.વી. શ્રીમાળી તમામે ઉપસ્થિત રહીને ડૉ. પરમારને સન્માનિત કર્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમમાં સમાજ કલ્યાણ વિભાગના, અંત્યોદય વિકાસ નિગમના અધિકારીઓ, કર્મચારીઓ તથા ડૉ. પરમારના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કોંગ્રેસના સામાજિક સંગઠન સેલના જિલ્લા પ્રમુખ તરીકે ઉર્પલ જોષી

ગાંધીનગર, તા.૨૮



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની સામાજીક સંગઠન સંકલન સેલના ગાંધીનગર જિલ્લાના પ્રમુખ તરીકે ઉર્પલકુમાર રામભાઈ જોષીની નિમણુંક કરવામાં આવી છે. તેમની કામગીરી કોંગ્રેસ પક્ષને મધુ મજબુત કરવામાં મદદરુપ થશે તેમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ચેરમેન અજયભાઈ દવેએ જણાવ્યું છે.

# ભ્રષ્ટાચાર અંગે સિવિલ તંત્ર પાસે આરોગ્ય વિભાગે ખુલાસો માંગ્યો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી વહીવટી અને હિસાબી અધિકારી દ્વારા આચરવામાં આવી રહેલા ભ્રષ્ટ્રાચારના મામલા અંગે તપાસ કમિટીની રચના કરીને તાત્કાલીક ધોરણે તપાસ હાથ ધરવા માટેનો જિલ્લા કલેકટર દ્વારા સિવિલ સુપ્રિટેન્ડન્ટને આદેશ કર્યો હતો. પરંતુ તે બાદ હજુ સુધી કોઈ તપાસ કમિટી ન નીમવામાં આવતા હવે આ મામલે આરોગ્ય વિભાગે ઝંપલાવ્યું છે. આરોગ્ય વિભાગે તાજેતરમાં સમગ્ર મામલાનો અહેવાલ રજુ કરવાનો આદેશ સિવિલ તંત્રને કરતા સિવિલ સત્તાધિસે કમિટીની નિમણુંક કરવા માટે તજવીજ શરુ કરી છે.



પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં હિસાબી અને વહીવટી અધિકારી શાખાના અધિકારી દ્વારા સિવિલમાં દર્દીઓ માટે આવતા શાકભાજીથી લઈને નાની મોટી તમામ ચીજવસ્તુઓની ખરીદીની પ્રક્રિયા તેમજ બિલો પાસ કરવાની પ્રક્રિયામાં પણ અધિકારીઓ દ્વારા કટકી લેવાનો આગ્રહ રાખવામાં આવતા હોવાની લેખિત રજુઆત અમદાવાદના એક વકીલ દ્વારા જિલ્લા કલેકટરને કરવામાં આવી છે. આ સમગ્ર મામલે તપાસ કમિટીની નિમણુંક કરી તાત્કાલીક ધોરણે તપાસ હાથ ધરવા માટે જિલ્લા કલેકટર દ્વારા સિવિલ સુપ્રિટેન્ડન્ટને આદેશ કરવામાં આવ્યો હતો.ત્યારે આ વાતને દસ દિવસનો સમયગાળો થવા આવ્યો છતા સિવિલ સુપ્રિટેન્ડન્ટ દ્વારા કોઈ જ તપાસ કમિટીની રચના કરવામાં આવી નથી. સિવિલના આ અધિકારીઓના ભ્રષ્ટ્રાચાર ના સમગ્ર મામલે તપાસ કરી અહેવાલ રજુ કરવા માટે તાજેતરમાં આરોગ્ય વિભાગ દ્વારા સિવિલ તંત્રને આદેશ કરવામાં આવ્યો છે. સિવિલ સત્તાધિશે જિલ્લા કલેકટરના આદેશઅનુસાર તપાસ કમિટી નિમણુંક કરવામાં આળસ કરી રહ્યા હતા. પરંતુ આરોગ્ય વિભાગનો આદેશ મળતાની સાથે સિવિલ તંત્ર દોડતુ થઈ ગયુ છે. તપાસ કમિટીની નિમણુંક કરવા માટેની નિમણુંક કરવા માટે આજે સિવિલ સત્તાધિશે તજવીજ હાથ ધરી હોવાનું અંગત સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

# વાવોલની એમ.બી.પટેલ સાર્વજનિક વિદ્યાલય ખાતે શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

શ્રી પ્રગતિ મંડળ વાવોલ સંચાલિત શ્રી એમ.બી.પટેલ સાર્વજનિક વિદ્યાલયના ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ આજરોજ શાળા ખાતે પ્રગતિ



મંડળના પ્રમુખ તેમજ પૂર્વ ધારાસભ્ય પોપટભાઈ પટેલ અને ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો.સી.જે.ચાવડાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એમ.બી.પટેલ સાર્વજનિક વિદ્યાલય ખાતે આયોજીત શુભેચ્છા સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ગાંધીનગર ઉતરના ધારાસભ્ય ડો.સી.જે. ચાવડાએ વિદ્યાર્થીઓને પ્રાસંગીક ઉદબોધનમાં અભ્યાસ માટે જુદીજુદી ફેકલ્ટીની વિગતવાર માહિતી આપી હતી. જયા જાઓ ત્યા ઉત્તમ પર્ફોમન્સ બતાવવાની વાત કરી હતી અને દિવસ રાત સખત પરિશ્રમથી સિદ્ધીના શિખર સર કરી શકાય છે અને સમાજને પણ ઉપયોગી બની શકાય છે તેવી સમજણ આપી હતી. જયારે પૂર્વ ધારાસભ્ય પોપટભાઈ પટેલ વિદ્યાર્થીઓને હતાશા ખંખેરી સખત મહેનત કરવાની અને જીવનમાં આગળ વધાવની શીખ આપી હતી. આ પ્રસંગે વિનોદસિંહ રાઠોડ, પૂર્વ પી.આઈ. ઘનશ્યામસિંહ ગોલ, જી.ઈ.બી.ના નિવૃત ઈજનેર કનૈયાલાલ વ્યાસ સહિતના મહેમાનોએ પ્રાસંગીક પ્રેરણાદાયી ઉદ્‌બોધન કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, તાલુકા પંચાયત સદસ્ય અને વાવોલના પૂર્વ સરપંચ તથા મંડળના ઉપપ્રમુખ કુબેરસિંહ ગોલ, શાળાના મંત્રી રઘુસિંહ ગોલ, સહકારમંત્રી અમરસિંહ ગોલ, રાજેશભાઈ જાની, વાવોલના જાણીતા બિલ્ડર તથા રાજપૂત્‌ સમાજના ઉપપ્રમુખ દેવન્દ્રસિંહ ગોલ, ગ્રીનસીટીના સોસાયટીના ચેરમેન હીરાભાઈ સોની, બળદેવજી ગોલ, એમ.ડી.શાહ, પ્રા.વિદ્યાલયના આચાર્યા જાગૃતિ બેન તથા સોનલબા ગોલ હાજર રહ્યા હતા. ધો-૯ અને ધો-૧૦ના વિદ્યાર્થીઓએ પ્રતિભાવ આપ્યા હતા. શુભેચ્છા સમારોહ પ્રસંગે વિદ્યાલયના આચાર્ય બળદેવભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યુ હતું. ઉપસ્થિત મહેમાનોનું શાળા પરિવાર દ્વારા સુતરની આંટી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા રસીલાબેન વ્યાસ, તેમજ શિક્ષક નારાયણભાઈ ચૌધરીએ કર્યુ હતું. જયારે આભારવિધી ગોંવિદભાઈ બ્રહ્મભટ્ટે કરી હતી . કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# ભારતીય સર્વેક્ષણ વિભાગ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૮

ભારતીય સર્વેક્ષણ વિભાગ દ્વારા પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ ૨૮મી ફેબ્રુઆરીએ ‘રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી. સાથે સાથે એક રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

સર્વેક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ ઉજવણીમાં સુરત, ખેડા અને અમદાવાદની એન્જિનીયરીંગ કોલેજો ઉપરાંત શાળાના બાળકોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સર્વેક્ષણ કેવી રીતે કરવામાં આવે છે અને આજ સુધીનો સર્વેક્ષણ અંગેનો ચિતાર પ્રદર્શનમાં રજૂ કરવામાં આવ્યો હતો. આશરે ૩૦૦થી ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાથે સાથે કાર્યાલયના પટાંગણમાં રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ભારતીય સર્વેક્ષણ વિભાગના કર્મચારીઓ તેમજ આવેલા વિદ્યાર્થીઓ અને મહેમાનોએ પણ ૨૧ યુનિટ રક્તદાન કર્યુ હતુ. સમગ્ર કર્મચારીઓ અને અધિકારીઓએ કાર્યકારી નિર્દેશક એચ.એસ. વસાવાના દિશા નિર્દેશથી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગાંધીનગરના પત્રકાર સેમ્યુઅલ ક્રિશ્ચયનનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર અને અમદાવાદમાં પત્રકારત્વ ક્ષેત્રે સક્રિય કામગીરી કરી આગવી ઓળખ ઉભી કરનાર અને એની ટાઈમ આનંદમાં રહેતા સેમ્યુઅલ પી.ક્રિશ્ચયનનું ટૂંકી માંદગી બાદ અકાળે અવસાન થતા પત્રકારત્વ ક્ષેત્ર ઉપરાંત કોર્પોરેટ ક્ષેત્ર અને તેના વિશાળ મિત્રવર્તુળમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે.



ગાંધીનગર અને અમદાવાદ ખાતે પત્રકારત્વ ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરનાર જાણીતા પત્રકાર અને તંત્રી સેમ્યુઅલ ક્રિશ્ચયનનું આજે પરોઢિયે ૪ વાગે દુઃખદ અવસાન થયું છે. છેલ્લા પાંચ દિવસથી સેમ્યુઅલ ક્રિશ્ચયને અમદાવાદની સ્ટર્લીંગ હોસ્પીટલમાં સઘન સારવાર હેઠળ રાખવામાં આવ્યા હતો. પરંતુ આજે તેમણે છેલ્લો શ્વાસ લેતા તે જીવનની અર્ધ સદી પણ પૂરી કરી શક્યા નહિ. આજે બપોરે ગાંધીનગર નજીક કુડાસણમાં આવેલા શ્રીનાથ હોમ્સ ખાતેથી સદગતની અંતિમ યાત્રા નીકળી હતી. ગાંધીનગરમાં ચરેડી પાસે આવેલા ખ્રિસ્તી કબ્રસ્તાનમાં સ્વ. સેમ્યુઅલ ક્રિશ્ચયનની દફનવિધિ કરવામાં આવી હતી. તેમની અંતિમયાત્રામાં પત્રકારો, તંત્રીઓ, કોર્પોરેટ ક્ષેત્રના અગ્રણીઓ, ખ્રિસ્તી સમુદાય સહીત તેના કુટુંબીજનો, મિત્રો, સોસાયટીના ભાઈ-બહેનો અને સ્નેહીજનો સહીત લોકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સદગતને અશ્રુભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી.

ગાંધીનગર ખાતે જન્મેલા અને શાળાકીય અભ્યાસ પૂરો કર્યા બાદ અમદાવાદમાં કોલેજ કક્ષાએ શિક્ષણ મેળવનાર સેમ્યુઅલ ક્રિશ્ચયને પત્રકારત્વ ક્ષેત્રે ઝંપલાવી સમભાવ દૈનિકથી કારકિર્દીની શરૂઆત કરી હતી. આ પછી બે થી ત્રણ અખબારમાં કામ કરનાર સેમ્યુઅલ ક્રિશ્ચિયને કોર્પોરેટ ક્ષેત્રે પણ પીઆરઓ તરીકેની કામગીરીમાં તેણે પોતાના કાર્યથી નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી સેમ્યુઅલ ક્રિશ્ચિયને પોતાનું દૈનિક કેપિટલ ન્યુઝ શરુ કર્યું હતું તે દરમ્યાન તેમના મળતાવડા સ્વભાવની સાથે સરસ વાકછટા અને મોજીલો મિજાજ તથા મિત્રતાભર્યા અંદાજના કારણે મિત્રવર્તુળમાં “સેમી” તેમજ સોસાયટીના બાળકોમાં “જેઠાલાલ અંકલ”ના નામે લોકપ્રિયતા ઉભી કરી હતી. આ ઉપરાંત ગીત-સંગીત તેમજ કલા-સંસ્કૃતિના શોખના કારણે તેણે તેના ધર્મપત્ની બીના ક્રિશ્ચિયનના સથવારે એની ટાઈમ મસ્તી કલ્ચરલ ફાઉન્ડેશન નામની સંસ્કૃતિક સંસ્થા કાર્યરત કરી હતી જેના માધ્યમથી નાટય-સંગીત-કલા પ્રવૃતિને વેગ આપવા સાથે દર ઉનાળામાં ઘ-૪ સર્કલ પાસે સ્વર્ણિમ પાર્કમાં સંગીતપ્રેમીઓને એકત્ર કરી કાર્યક્રમો યોજવાની પ્રવૃત્તિ સારી એવી લોકપ્રિય બની હતી. સ્વર્ગસ્થ સેમ્યુઅલ તેની પાછળ તેના પિતાશ્રી, ઓમાનમાં રહેતા બે ભાઈઓ ફ્રેન્કલીન અને રોબીન્સન (રાજુભાઈ) તેમજ ધર્મપત્ની બીનાબેન સહિત તેમના પરિવારને વિલાપ કરતા છોડી ગયા છે.

# ગ માર્ગ પર ટ્રાફિકની સમસ્યા નિવારવા આર.ટી.ઓ.એ વાહન ચકાસણી માટે જગ્યા માંગી

**અડાલજ સરગાસણ ચોકડી વચ્ચે જગ્યા ફાળવવા માંગણી : વાહનોના ફીટનેશની ચકાસણીનુ સ્થળ પણ બદલવા વિચારણા**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર આર ટી ઓ કચેરીના લીધે ગ માર્ગ પર આડેધડ વાહનો પાર્ક થયેલા જોવા મળી રહયા છે. જયારે ગ માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો સાથે માર્ગ સલામતી જોખમાતી હોવાની સાથે આસપાસના રહીશોને પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આવા સંજોગોમાં ગ માર્ગ પર ટ્રાફિકની સમસ્યાને દુર કરવા માટે આર ટી ઓ દ્વારા વાહનોના ફીટનેશ ઈન્સપેકશન માટે સરગાસણથી અડાલજ ચોકડી વચ્ચે જગ્યા ફાળવવા માટે કલેકટરને પત્ર લખી રજુઆત કરવામાં આવી છે.

શહેરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી હાલ સમસ્યાઓથી ઘેરાયેલી છે. ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં પાર્કીગની સમસ્યા મુખ્ય બની છે. જેના લીધે નગરના ગ માર્ગ પર વાહનોનો ખડકલો થાય છે. ગ માર્ગ પર વચાળે જ વાહનો ખડકી દેવાતા આ માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો વચ્ચે વાહનોની અવરજવર પણ મુશ્કેલ બને છે. જયારે માર્ગ વચાળે વાહનો પાર્ક થતા માર્ગ સલામતી પણ જોખમાઈ છે. આસપાસ રહેણાંક વિસ્તાર હોવાથી રહીશોને પણ હાલાકી વેઠવાનો વારો આવે છે. આવા સંજોગોમાં આર ટી ઓ સંકુલમાં વાહનો પાર્ક કરવા માટે પર્યાપ્ત જગ્યા નથી. જયારે આર ટી ઓ કચેરી બહાર વાહનોની સાથે દબાણો પણ વધી જતા સાંકડા માર્ગ પર સ્થિતિ વધુ કથળતી જાય છે. આ સ્થિતિને નિવારવા માટે અગાઉ આર ટી ઓ અધિકારીએ જિલ્લા કલેકટરને પત્ર લખી જમીન ફાળવવા માટે રજુઆત કરી હતી. જયારે તાજેતરમાં પણ તેમણે પત્રના માધ્યમથી અડાલજથી સરગાસણ માર્ગ પર જગ્યા ફાળવવા માટે રજુઆતમાં જણાંવ્યુ છે. જો કે આ મામલે હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. બીજીતરફ ગ માર્ગ પર અવ્યવસ્થા નિવારવા માટે ગ-૦ પાસે સ્થિત સર્વિસ રોડ પર વાહનોના ફીટનેશ ઈન્સપેકશનની કામગીરી કરી શકાય તે મુજબનુ આયોજન ગોઠવવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.



ગાંધીનગર શહેરના પી.ડબલ્યુ.ડી. વિભાગમાં વર્ક આસિટન્ટ કારકુન તરીકે ફરજ બજાવતા વિજયભાઈ બ્રહ્મભટ્ટ આજરોજ વયનિવૃત થતા પાટનગર યોજના વિભાગ ખાતે તેઓનો વિદાય સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે સબ ડિવિઝન-૪ ના એકસક્યુટીવ એન્જીનિયર બી.આર.શાહ તેમજ ડે.એન્જીનિયર જતિનભાઈ ઓઝા ઉપસ્થિત રહ્યા હતા અને વિજયભાઈને શાલ તેમજ ગણેશજીની પ્રતિમા આપીને તેમનું નિવૃત જીવન સુખમય, શાંતિમય અને આરોગ્યપ્રદ નિવડે તેવી શુભેચ્છા પાઠવી હતી. વિજયભાઈ ૧૯૮૧ થી ફરજમાં જોડાયા હતા, અને ૩૭ વર્ષ ફરજ બજાવી છે. નોકરીના પ્રારંભિક તબક્કાના ૨૮ વર્ષ એક જ સ્થળે સેકટર-૩૦ સુવિધા કચેરીમાં ફરજ નિભાવી હતી. જયારે ઓફિસીયલ બદલી થતા ૩ વર્ષ જેટલો સમય વંથલી ખાતે ફરજ બજાવી ચુક્યા હતા. જયારે છેલ્લા ૭ વર્ષ તેઓએ સબ ડિવિઝન-૯ માં વિવિધ સ્થળો પર ફરજ બજાવી આજે વય નિવૃત થયા હતા. તેમના વિદાય સમારોહમાં અધિકારીઓ તેમજ સાથી કર્મચારીઓ હાજર રહ્યા હતા અને તેમના સાથેની વાતો વાગોળતા આંખના ખુણા ભીના બન્યા હતા. આ પ્રસંગે વિજયભાઈ બ્રહ્મભટ્ટે પણ સૌ અધિકારી-કર્મચારીઓનો આભાર વ્યકત કર્યો હતો.



## પીડીપીયુના વિદ્યાર્થીઓ બાંધણીની છાપ પાડતાં શિખ્યાં

પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ દ્વારા તાજેતરમાં ટાઈ-ડાઈ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ મહિલાઓ માટેના વસ્ત્રોને બાંધણીની પદ્ધતિથી રંગવાનું અને તેમાં આધુનિક ડિઝાઈન્સ કરવાનું કાર્ય શીખ્યા હતા. આ વર્કશોપમાં પ્રાચીન પરંપરાગત કળા સાથે મોડર્ન ફેશનના સુભગ સમન્વયને આવરી લેવામાં આવ્યો હતો. જેને શીખવા માટે વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## હોળી-ધૂળેટી પર્વે મુખ્યમંત્રીની શુભેચ્છાઓ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના સૌ નાગરિકોને હોળી-ધૂળેટીના પર્વની શુભકામનાઓ પાઠવી છે. મુખ્યમંત્રીએ રંગોનું આ પર્વ આપસી પ્રેમ-બંધુત્વ અને સામાજિક સમરસતાને ઉજાગર કરતું ઉમંગ પર્વ બની રહે તેવી શુભેચ્છાઓ વ્યકત કરી છે. વિજયભાઈ રૂપાણીએ રંગોનો આ ઉત્સવ જનજીવનમાં ઉલ્લાસ-ઉમંગ અને આનંદના રંગ ભરનારો બને તેવી શુભકામનાઓ પણ સૌ નાગરિકોને પાઠવી છે.

## સરસ્વતી વિદ્યાલયમાં વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ યોજાયો

સરસ્વતી વિદ્યાલયમાં ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા સંદેશ પાઠવવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. વિદ્યાર્થીઓએ તેમના શાળા જીવનના અનુભવો વર્ણવ્યા હતા. ધો-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓએ તેમના જીવનમાં પ્રગતિ કરી શાળા અને માતાપિતાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. શાળા પરિવારે પણ શુભેચ્છા વ્યકત કરી હતી. પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા, આચાર્ય ગોપાલસિંહ સોલંકીએ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી.


**જાહેર નિવિદા**

સલાલ પ્રા.શાળા-૧, તા. પ્રાંતિજ જી. સાબરકાંઠા ૮ (આઠ) ઓરડાના કાટમાળની હરાજી તા. ૧૩/૩/૨૦૧૮ને મંગળવારના રોજ ૩.૦૦ કલાકે સલાલ પ્રા.શાળા નં.-૧માં રાખેલ છે. શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. બોલી મંજુર / નામંજુર કરવાનો અધિકાર સભ્ય સચિવ અને અધ્યક્ષશ્રી, ગ્રામ શિક્ષણ સમિતિ સલાલ-૧ની રહેશે. તકરાર કે વિવાદ ચાલશે નહી.

**અધ્યક્ષ**
**(S.M.C. સલાલ)**
**સલાલ પ્રા.શાળા નં.૧**
**તા. પ્રાંતિજ, જી. સા.કાં.**